# ‘નિયાંપો’

શ્રી કચ્છી મિત્ર મંડળ
હૈદરાબાદનું મુખપત્ર

વર્ષ : ૧૭		અંક : ૨૦૩

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-

‘‘નિયાંપો’’ માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

આ વર્ષે ઉનાળાએ પોતાનો ખરેખરો મિજાજ દાખવ્યો, મહિના સુધીનાં ધગધગતા તાપે આખાય લોકજીવનને રંજાડ્યા છે. મેહુલાનાં અમીછાંટણાંની સહુ ચાતક નજરે રાહ જોઇ રહ્યા છે.

લાંબી રજાઓ પૂરી થતાં રોજિંદા કામકાજ પર સહુ પાછાં ફર્યા છે. વિદ્યાર્થીઓ, હોંશભેર ઉપરી કક્ષાનાં નવા ધોરણોમાં જોડાશે. નવા શિક્ષકો, નવા મિત્રો અને નવા વાતાવરણ સાથે પરિચય કરશે. નવું શિક્ષણ વર્ષ સહુને ફળદાઈ અને સફળતા અપાવે એવી શુભેચ્છા.

ધર્મસ્થાનકો અને દેવાલયોમાં, આવતા નવા ચાતુર્માસનાં પ્રારંભે, પૂજ્ય સાધુ સતીજીઓનાં લાંબા ચાતુર્માસની ભરપૂર તૈયારીમાં સંઘકાર્યકરો તથા ભક્તગણ વ્યસ્ત રહેશે. આવા ધન્ય અવસરનાં ધર્મલાભ પ્રાપ્ત કરવા સહુએ યથા શક્તિ ઘટતું કરવું.



## ઉપપ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

આ અંક આપના હાથમાં આવશે ત્યાં સુધી ઉનાળાની રજાઓ પૂરી થઈ ગઈ હશે. રજાઓનો ભરપૂર આનંદ માણ્યો હશે. હવે ભણતર ઉપર ધ્યાન આપી પોતાનું શૈક્ષણિક વિકાસ યશસ્વી નિવડે એ જોવાનું કામ સર્વે બાળકોનું છે. ખુબ ભણજો અને આપનું, આપના માતા-પિતાનું તથા સમાજનું નામ રોશન કરજો.

આગામી અષાઢી બીજ નિમિત્તે રાખેલ કાર્યક્રમમાં સૌ બહુજ ઉત્સાહભેર ભાગ લેશો એવી આશા રાખું છું.

કચ્છી મિત્ર મંડળની બધીજ સમિતિઓના સંચાલકો બહુજ નિષ્ઠાપૂર્વક પોતાની કામગીરી બજાવી રહ્યાં છે એમને ખુબ ખુબ અભિનંદન. સમાજ ઉત્કર્ષના કોઇ પણ સારા સુજાવ હોય તો જરૂરથી જણાવવા વિનંતી, જેના ઉપર પૂર્ણ વિચાર કરી જરૂરથી અમલ કરવામાં આવશે.

હવે આપ વેબ સાઈટ ઉપર ‘‘નિયાંપો’’ વાંચી શકો છો
http://www.asanjokutch.com/kutchhi-pub.asp



## સહમંત્રીશ્રીનો અહેવાલ

**પ્રેમચંદ કેશવજી છેડા**

મંડળનાં પ્રમુખ શ્રી ધનજી લખમશી સાવલા ફેમીલી સાથે પરદેશની યાત્રાએ ગયેલ છે તેઓશ્રી યાત્રા સુખમય રહે એવી મંડળ વતી શુભેચ્છાઓં...

મંડળના માનદ્ મંત્રીશ્રી અમૃતલાલભાઇ નિસર પણ ફેમીલી સાથે બહારગામ ફરવા ગયેલ છે તેઓશ્રીની તંદુરસ્તી સારી રહે એવી શુભકામના...

આ મહિનામાં ભવન ખાલી હોવાથી રીપેરીંગનાં ઘણા કામો કરાવવામાં આવેલ છે. વિશેષમાં મહિલાઓ ને પડતી અગવડો ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

તા. ૧૭-૬-૨૦૧૨ નાં શ્રી કચ્છી ભવનમાં સાંજના ૫.૦૦ કલાકેથી મનોરંજન સમિતિ દ્વારા ગીત અને સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે અને એ પ્રોગ્રામ સાથે સાંજના ૭.૦૦ કલાકે વસ્તીપત્રક સમિતિ દ્વારા તૈયાર થયેલ આપણા સમાજનું નવું વસ્તીપત્રકનું વિમોચન કરવામાં આવશે અને સાથે વસ્તીપત્રકના દાતા શ્રીમતિ મણીબેન રતનશી પ્રેમજી ગોગરી પરિવારનું બહુમાન કરવામાં આવશે, વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવશો.

મંડળના સભ્ય શ્રી પંકજ વલ્લભજી સાવલા ભવનમાં સુધારા બાબત સારા સૂચનો આપતા રહે છે તેઓશ્રીનું ખૂબ આભાર.



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

હમણાંજ પરિક્ષાઓ પૂરી થઇ, હવે બધા રિઝલ્ટના ઈન્તઝારમાં હશે. પરિક્ષા વખતે બધાએજ પોતાના ઈષ્ટ દેવી દેવતાઓને પૂજ્યા હશે. પણ Sucess has a simple formula do your best success dependent on effort. જો કોઇપણ કાર્યમાં સફળતા જોઇતી હોય તો hard work તો કરવુંજ પડે. સફળતા હાથ લાગ્યા પછી પણ અહ્મ થી તો દુર જ રહેવું, નહીં તો **"હું"** અને **"મેં"** જેવા શબ્દો અહંકારી બનાવી શકે છે કેમ કે આ **"હું"** શબ્દ જ એવો છે. ઘણાં બધા વળાંકો વાળો ગોળ ગોળ વાતો કરતા થઇ જવાશે, માટે જ keep your mind strong, goals clear so that you can deliver the best.

આ વાત ફક્ત વિદ્યાર્થીઓજ નહીં પણ દરેક વ્યક્તિને લાગુ પડે છે વ્યક્તિ જે ધારે તે કરી શકે, દરેકમાં એ power છે. આજે પોતે જે છે તે એના ભૂતકાળને લીધે છે અને અત્યારે તે જે કરશે તે એનું ભવિષ્ય રહેશે. હવે દરેક ક્ષેત્રમાં high degree leadership જોઇએ.દરેકે પોતાની જાતને પૂરવાર કરવાની રહેશે. ફક્ત વાતો કરવાથી કે વિચારવાથી નહીં ચાલે. દરેકને ધનવાન બનવું છે પણ કોઇ યોજના કે કાર્ય નથી કરવા પણ શોર્ટકટથી રાતો રાત પૈસા કમાવવા છે. કોઇ ધ્યેય નથી, માટેજ જરૂર છે કોઈ સારથી જે સાચી દિશાએ આપણા યુવા ધનને વાળે.



## શાંતિવન સમિતિ

સંચાલક : **હંસકુમાર સાયલા**
સહ સંચાલક : **દામજી માવજી સાવલા**

રવિવાર તા. ૨૭-૫-૨૦૧૨ ના ડી.વી.ડી દ્વારા ગુજરાતી નાટક **"પ્રેમનો પબ્લીક ઈશ્યુ"** ની રજુઆત કરવામાં આવેલ. મંડળના વડિલ સભાસદોએ સારી સંખ્યામાં આ રમુજી નાટક નો આનંદ લીધેલ.

આવા મૌલીક કાર્યક્રમ માટે પધારેલ સર્વે સભાસદોએ આભારની લાગણી પ્રગટ કરેલ. પધારેલ સર્વે સભાસદોનો, નાટકની રજુઆત માટે સહાય થયેલ શ્રી અશ્વીનકુમાર લોડાયા તથા કચ્છી ભવનના સર્વે સ્ટાફનું આભાર માનવામાં આવેલ. ચા નાસ્તાનો આસ્વાદ લઈ સર્વે છુટા પડ્યા.

આગામી કાર્યક્રમમાં રવિવાર તા. ૨૯-૭-૧૨ સવારનાં ઠીક ૬.૦૦ વાગે નારાયણગુડા, સ્થીત મેલકોટે ગાર્ડનમાં બધા વડિલ ભાઈ બહેનોએ ભેગા મળવાનું છે. ઉમરને અનુરૂપ વ્યાયામનો નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન મેળવશું તથા વિશિષ્ટ ચા-નાસ્તાનો આસ્વાદ માણશું.

### ફ્રી સિનિયર સીટીઝનના કાર્ડસ

**GHMC** દ્વારા સિનિયર સીટીઝન માટેના આઈ.ડી. કાર્ડસ આપવામાં આવે છે. તે કાર્ડસથી કોરપોરેશનના કોઈ પણ પાર્કમાં ફ્રી એન્ટ્રી આપવામાં આવે છે. જેમને આ કાર્ડસ લેવા હોય તેઓએ **શ્રી વલભજી મેઘજી સાવલા. મો નં. ૯૩૯૦૯ ૯૨૮૧૧** નો સંપર્ક કરવો.

## વસ્તીપત્રક સમિતિ

સંચાલક : **અરવિંદ છેડા ૯૩૯૧૦ ૦૭૨૭૭**

શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદનું વસ્તી પત્રક ૨૦૧૨ ના વિમોચનનું કાર્યક્રમ **તા. ૧૭-૬-૨૦૧૨ રવિવાર** ના સાંજના ૭.૦૦ વાગે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. કાર્યક્રમ દરમ્યાન વસ્તીપત્રકના દાતા **માતુશ્રી મણીબેન રતનશી પ્રેમજી ગોગરી** પરિવારનું બહુમાન કરવામાં આવશે. સભ્ય પરિવારો વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવશો. વસ્તીપત્રક વિમોચનનું કાર્યક્રમ મનોરંજન સમિતિનાં પ્રોગ્રામ દરમ્યાન રહેશે. કાર્યક્રમ બાદ અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

## મહિલા સમિતિ

સંચાલિકા : **ખુશાલી જયેશ નાગડા**

મહિલા સમિતિ ના કાર્યક્રમની બધીજ મહિલાઓ ખુબજ આતુરતાથી રાહ જોઈ રહી છે, તો હવે રાહ જોવાનો વખત પૂર્ણ થવા આવે છે અને તમારી સમક્ષ મહિલા સમિતી ફરી એક રંગબેરંગી કાર્યક્રમ રજુ કરશે.

જીવન ભર સપ્તરંગી ઈન્દ્રધનુષ એ કહેવતને આપણે આપણા જીવનમાં ઉતારી, પોતાના પરિવાર અને સમાજને જ નહીં પરંતુ પોતાની જાતને પણ ગર્વથી બધા સમક્ષ રાખશું.

તો જલ્દી મળીએ અને એક બીજાને હમેશા ગમતા રહીએ. ફરજ આપણી દીલથી નિભાવતા રહીએ, અને લાગણીઓની વર્ષામાં ભિંજવતા રહીએ.

।। શ્રી શાંતિનાથાય નમઃ ।। અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ

# શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સિટી)

## શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

### આવ્યો ચાતુર્માસ પ્રવેશનો પ્રસંગ - જગાવીએ આત્મિક આરાધનાનો ઉમંગ

સહર્ષ જણાવવાનું કે શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સુરીશ્વરજી મ.સા.** ની દિવ્યકૃપાથી વર્તમાન ગચ્છાધિપતિ તપસ્વી રત્ન **પ.પૂ.આ.ભ. થી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.**ના આજ્ઞા આશીષથી તથા સાહિત્ય દિવાકર સૌમ્ય સ્વભાવી દક્ષિણ દીપક **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.** ના શુભાશિર્વાદો થી **શ્રી અચલગચ્છાધિપતિ શ્રી** ના આજ્ઞાવર્તિની વર્ધમાન તપોનીધિ ૧૧૩મી ઓળીના આરાધક **પ.પૂ.સા. શ્રી અરૂણોદયશ્રીજી મ.સા. ના પ્રશિષ્યા પ.પૂ.સા. શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. સા.શ્રી સમયગુણાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ.સા. શ્રી શ્રુતગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા - ૨ નું ચાતુર્માસ પ્રાપ્ત થતા સકળ શ્રી સંઘમાં આનંદ વ્યાપી રહ્યો છે. ઉપકારી પૂજ્યોશ્રીના ચરણોમાં કોટી કોટી વંદના....

**ચાતુર્માસ પ્રવેશનો મંગલમય કાર્યક્રમ સંવત ૨૦૬૮ આષાઢ સુદ ૪ શુક્રવાર તા. ૨૨-૬-૨૦૧૨**

| | | |
|---|---|---|
| **મંગલમય પ્રવેશ યાત્રા** | : | આષાઢ સુદ ૪ શુક્રવાર તા. ૨૨-૬-૨૦૧૨ સવારના ૧૦.૩૦ વાગે કુ. **મૈત્રી નરેન નરશી ગોસર** (મંજલ રેલડિયા) ૩૦૧, અરિહંત આશીઆના એપાર્ટમેન્ટ, ડૉ. ભૂમન્ના લેન, કાચીગુડા, હૈદરાબાદ થી નીકળી જિનેશ્વરધામ પધારશે. |
| **સામૈયુ** | : | સવારના ૧૧.૧૫ વાગે જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ |
| **સ્વામિવાત્સલ્ય** | : | બપોરના ૧૨.૩૦ વાગ્યાથી શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી) તરફથી જીનેશ્વરધામમાં રહેશે. |

પ્રવેશ બાદ ચૈત્યવંદન, ભક્તામર પાઠ માંગલિક પ્રવચન રહેશે. ચાતુર્માસના સંઘપતિ બનવાનો તથા વ્યાખ્યાન દરમ્યાન વાંચવામાં આવનાર સૂત્ર તથા ચરિત્રના ચઢાવા લેવામાં આવશે. પ્રવેશના દિવસે આયંબિલ કરાવવામાં આવશે. આયંબિલ કરનાર ભાગ્યશાળી તપસ્વીઓએ પોતાના નામ એક દિવસ પહેલા શ્રી સંઘ ની પેઢીમાં લખાવવા વિનંતી. પ્રવેશ દિને આયંબીલ **માતુશ્રી રાજબાઈ લીલાધર જીવરાજ નાગડા** (વરંડી મોટી) તથા **માતુશ્રી મણીબેન ઉમરશી નાગડા** (નરેડી) તરફથી કરાવવામાં આવશે.

**ચાતુર્માસ દરમ્યાન કાર્યક્રમ :** દરરોજ ભક્તામર પાઠ, વ્યાખ્યાન, સૂત્ર-ચરિત્ર વાંચન તેમજ વિવિધ તપ, જપ, આરાધના અને ભક્તિના કાર્યક્રમ રહેશે. સમગ્ર ચાતુર્માસ દરમ્યાન દરરોજ આયંબિલ કરાવવામાં આવશે.

## નિવેદક : શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સિટી)

| | | |
|---|---|---|
| **ધનજી લખમશી સાવલા** | **દામજી જીવરાજ નાગડા** | **મણીકાંત મેઘજી મોમાયા** |
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજિંગ ટ્રસ્ટી |

**તથા સર્વે ટ્રસ્ટીગણના બહુમાનપૂર્વક જય જિનેન્દ્ર**

શુભ સ્થળ : **શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ**, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭

ફોન : ૦૪૦-૨૭૫૫ ૧૬૦૫, ૬૫૯૭ ૬૭૫૫

(જી.મ.)

## માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

**આશ્રમ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૨૫૦/- | સ્વ. મણીલાલ ભાણજી સાવલા |
| રૂ. | ૨૫૦/- | સ્વ. હેમંત મણીલાલ સાવલા |

**હોસ્પીટલ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૨૫૦/- | સ્વ. મણીલાલ ભાણજી સાવલા |
| રૂ. | ૨૫૦/- | સ્વ. હેમંત મણીલાલ સાવલા |

**ગૌશાળા માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૫૭૦૦/- | માતુશ્રી મંજુલાબેન પારેખ સ્વ. લલીતભાઈ પારેખના સ્મરણાર્થે |
| રૂ. | ૭૫૦/- | શ્રીમતિ જ્યોતીબેન ધનજી વોરા |
| રૂ. | ૫૦૦/- | શ્રીમતિ લતાબેન વિજયસિંહ ભાટીયા |
| રૂ. | ૫૦૦/- | હપ્તી દુર્લેશ વોરા હ. તેજલ દુર્લેશ વોરા જન્મદિવસ |
| રૂ. | ૫૦૦/- | મીત ચેતન ગાલા જન્મ દિવસ નિમિત્તે |
| રૂ. | ૨૫૦/- | સ્વ. હેમંત મણીલાલ સાવલા |
| રૂ. | ૨૫૦/- | સ્વ. મણીલાલ ભાણજી સાવલા |

**ડાયાલીસીસ માટે (એક ડાયાલીસીસના રૂ. ૫૦૦/- લેખે)**

| | | |
|---|---|---|
| ૫ | ડાયાલીસીસ | શ્રી પ્રફુલ્લ કુવરજી ધરોડ જન્મ દિવસ નિમિત્તે |
| ૫ | ડાયાલીસીસ | આર્યન હર્ષ ફુંગતા હ. લક્ષ્મીબેન અમૃતલાલ વોરા, જન્મદિન નિમિત્તે |
| ૨ | ડાયાલીસીસ | સ્વ. ભિમશી ડુંગરશી સાવલા પુણ્યતિથી નિમિત્તે |
| ૧ | ડાયાલીસીસ | શ્રી વિલાસ મગનલાલ ગાલા જન્મદિવસ નિમિત્તે |
| ૧ | ડાયાલીસીસ | શ્રી નિલેષ હરખચંદ કારાણી જન્મ દિવસ નિમિત્તે |
| ૧ | ડાયાલીસીસ | સ્વ. મણીલાલ ભાણજી સાવલા પૂણ્યતિથી નિમિત્તે |
| ૧ | ડાયાલીસીસ | સ્વ. હેમંત મણીલાલ સાવલા પૂણ્યતિથી નિમિત્તે |
| ૧ | ડાયાલીસીસ | સ્વ. રાજબાઈ લીલાધર જીવરાજ નાગડાના સ્મર્ણાર્થે. |

**મૂઠીભર અનાજ યોજના (RICE DONATION)**

| | |
|---|---|
| ૫૦ કિલો. | શ્રી શાંતિલાલ પ્રેમજી ગોગરી |
| ૫૦ કિલો | શ્રી જેઠાલાલ પ્રેમજી ગોગરી |

---

## Donate Eyes - Live Twice

**છાસ કેન્દ્ર માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૬,૫૦૦/- | કુ. નેહલ ભરત સાવલા |
| રૂ. | ૫,૦૦૦/- | શ્રી હરખચંદ રામજી દેઢીયા |
| રૂ. | ૫,૦૦૦/- | શ્રી હેમંત કે. સંઘવી અને એસ.એચ. શાહ |
| રૂ. | ૫,૦૦૦/- | માતૃશ્રી શાન્તાબેન હીરજી ગોસર |
| રૂ. | ૩,૧૦૦/- | શ્રી કાર્તિક હરીશ ગાલા |
| રૂ. | ૨,૫૦૦/- | સ્વ. મણીલાલ ભાણજી સાવલા પૂણ્યતિથી નિમિત્તે |
| રૂ. | ૨,૫૦૦/- | સ્વ. હેમંત મણીલાલ સાવલા પૂણ્યતિથી નિમિત્તે |
| રૂ. | ૨,૫૦૦/- | શ્રીમતી પ્રભાબેન મણીલાલ સંઘોઈ |
| રૂ. | ૨,૫૦૦/- | શ્રીમતી પ્રભાબેન જયચંદ બોરીચા |
| રૂ. | ૧,૫૦૦/- | શ્રી માલશી ઉમરશી મારૂ હ. નવીનચંદ્ર મારૂ |
| રૂ. | ૫૦૦/- | એક સદગૃહસ્થ |
| રૂ. | ૫૦૦/- | શ્રીમતી વર્ષા કિરણ સંગોઈ |
| રૂ. | ૫૦૦/- | એક સદગ્રહસ્થ |

**જાનવરોની વયાવચ્ચ**

| | | |
|---|---|---|
| રૂ. | ૨૫૦/- | સ્વ. મણીલાલ ભાણજી સાવલા |
| રૂ. | ૨૫૦/- | સ્વ. હેમંત મણીલાલ સાવલા |
| રૂ. | ૫૦૦/- | શ્રી વિલાસ મગનલાલ ગાલા - જન્મ દિવસ નિમિત્તે |

**માનવ મિત્રને ભેટ**

| | | |
|---|---|---|
| રૂ. | ૫૦૦/- | શ્રી વિલાસ મગનલાલ ગાલા - જન્મ દિવસ નિમિત્તે |

**જન્માક્ષર ઉંડાણપૂર્વક અધ્યન કરી વર-કન્યા મેળાપક**
**કોમ્પ્યુટર જન્માક્ષર - ગુજરાતી તેમજ ૧૦ ભાષામાં બનાવી આપવામા આવશે...**
ઘર-દુકાન-ફેક્ટરી વાસ્તુ માર્ગદર્શન માટે મળો : જ્યોતિષાચાર્ય પં. ભરત ભટ્ટ (કચ્છી બ્રાહ્મણ)
૪-૩-૨૦૦, સાઈબાબા મંદિર પાછળ, કે.એસ.લેન, સુલતાન બાજાર, હૈદરાબાદ
ફોન. ૦૪૦-૨૪૭૬૦૯૪૯ (મો) ૯૪૪૦૪ ૯૮૩૦૮ **email: bbastrobhatt@hotmail.com**

Nitin Gala 99630 10657
**Sri Ridhi Sidhi Snacks & Khakras**
Sunita Gala 94408 75034
Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mobile Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.
**Alphanso Mango available on order.**
**Bulk Order Free Home Delivery**
Contact : **NITIN GALA**
# 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,
Tilak Road, Hyderabad - 1
(શ્રી.મ.)



## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

**શ્રી કચ્છી મિત્ર મંડળ - મનોરંજન સમિતિ** પ્રસ્તુતિ

અષાઢી બીજ કચ્છી નવવર્ષ નિમીત્તે કાર્યક્રમ

# દિલ ને ફિર યાદ કીયા (સીઝન - ૨)

*ગીત અને સંગીત ની એક યાદગાર મહેફીલ.*

**તારીખ : ૧૭-૬-૨૦૧૨ રવિવાર,**

**સમય : સાંજના ૫.૦૦ વાગ્યા થી**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ**

# મોનીસ વન - મેન શો

પ્રસ્તુત કરશે - **મણીલાલ નાનજી છેડા - મુંબઈ**

છેલ્લા ૩૦ વર્ષ થી સૂર અને સંગીત ની દુનિયા માં હિન્દી અને ગુજરાતી ગીતો ઉપર સૌને ઝુમતા કરી દેનાર આપણા કચ્છી કલાકાર.

નવ વર્ષની ઉજવણી માં સૌ કોઈ ને નમ્ર નિવેદન છે વધુમાં વધુ "ટ્રેડીશનલ ડ્રેસ" માં ઉપસ્થિત રહી આ ઉજવણી ને યાદગાર બનાવવા વિનંતી છે.

**અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

**સમયસર પધારવા સહુ ને નમ્ર નિવેદન**

## સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**
સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની ૮-૬-૨૦૧૨નાં મળેલ સંયુક્ત સભામાં એપ્રિલ મહિના ના ૯ અને મે મહિનાનાં ૯ વ્યક્તિઓની નિચે મુજબ આજીવન સભ્યપદ ની અરજીઓને મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ અલ્કા નિલેશ સાવલા | વાંકી | A/1005/6/12 |
| ૨ | શ્રી ભાવેશ મણિલાલ લોડાયા | વારાપધર | B/1004/6/12 |
| ૩ | શ્રી નિરવ રવિન્દ્ર વોરા | દેશલપુર કંઠી | N/1005/6/12 |
| ૪ | શ્રીમતિ નીપા નિરવ વોરા | દેશલપુર કંઠી | N/1006/6/12 |
| ૫ | શ્રી હેમાંગ હરખચંદ સાવલા | મોથારા | H/1011/6/12 |
| ૬ | શ્રીમતિ નિશી હેમાંગ સાવલા | મોથારા | N/1007/6/12 |
| ૭ | શ્રી હિમાંશુ કાન્તિલાલ ધરોડ | પત્રી | H/1012/6/12 |
| ૮ | શ્રીમતિ હેજલ હિમાંશુ ધરોડ | પત્રી | H/1013/6/12 |
| ૯ | શ્રીમતિ ભાવિની ભાવેશ હેણિયા | સાભરાઈ | B/1005/6/12 |
| ૧૦ | શ્રી શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | S/1008/6/12 |
| ૧૧ | કુ. મનોજ શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | M/1008/6/12 |
| ૧૨ | શ્રી કુશલ માણેકજી લોડાયા | વારાપધર | K/1013/6/12 |
| ૧૩ | કુ. નિરવ અનિલ કારાણી | ડુમરા | N/1008/6/12 |
| ૧૪ | કુ. કવિન ભરત સંઘવી | મુંદ્રા | K/1014/6/12 |
| ૧૫ | કુ. રોમીલ દિલીપ મોતા | કુંવાપધર | R/1002/6/12 |
| ૧૬ | શ્રીમતિ લતા દિલીપ મોતા | કુંવાપધર | L/1004/6/12 |
| ૧૭ | શ્રી મુકેશ અમૃતલાલ શાહ | ભુજ | M/1009/6/12 |
| ૧૮ | શ્રી હિતેશ વલ્લભજી નિસર | વડાલા | H/1014/6/12 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળવતી હાર્દિક અભિનંદન...




Logon

ADVERTISING - DESIGNING - PRINTING - COLOUR PRINTS - FLEX BANNERS -
COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.
ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY
CONTACT: PARAS RAMESH JAGIRDAR 66680780, 99499 81999
RIDESH RAMESH JAGIRDAR 66780780, 9030 898999

(જા.ખ.)

# જીવન ચક્ર

## પુત્ર જન્મ

| | | |
|---|---|---|
| શ્રીમતી પ્રિયા નિલેશ વસંતલાલ દેઢિયા | કોડાય | હૈદરાબાદ |

## પુત્રી જન્મ

| | | |
|---|---|---|
| મીના મેહુલ કુરીયા | બિદડા | હૈદરાબાદ |

## સગપણ

| | | |
|---|---|---|
| ચિ. હિમાંશુ ગિરીશ કારિયા | અંજાર | હૈદરાબાદ |
| ચિ. પ્રિયંકા ભરતભાઈ ગણાત્રા | જખૌ | હૈદરાબાદ |
| ચિ. ચિરાગ રતિલાલ પ્રેમજી છેડા | લાયજા | હૈદરાબાદ |
| ચિ. પૂર્વિ પ્રફુલ આણંદજી ગાલા | ભોજાય | સાંગલી |

## લગ્ન

| | | |
|---|---|---|
| ચિ. નિખીલ ગિરીશ કારિયા | અંજાર | હૈદરાબાદ |
| ચિ. પૂનમ દાસ | કલકત્તા | હૈદરાબાદ |

## અવસાન

| | | |
|---|---|---|
| લતાબેન ખીમજી દેરાજ મારૂ | ઉ. ૬૫ | ચીઆસર |
| મનીષકુમાર નવીનચંદ્ર સોની (પટેલ) | ઉ. ૨૫ | વાંકુ |
| પાયલ પદમ જેઠાલાલ હરિયા | ઉ. ૩૦ | શેરડી |
| ડૉ. વિનયકુમાર અમૃતલાલ જેઠાલાલ ટાંક | ઉ. | કુકમા |

## અવસાન/ચક્ષુદાન

| | | |
|---|---|---|
| લલિતભાઈ પુરૂષોત્તમ પારેખ | ઉ. ૭૨ | આંબરડી |



## સરનામા માં ફેરફાર

**Bhavesh Tarachand Heniya,** 3-4-512/72, Flat 302, Balaji Classic, Barkatpura, Hyderabad - 500 027 A.P. Ph : 75695 45210, Bhavini - 75695 45211

ડાયાબેટીશના દરદીઓને પગમાં બળતરા કે અલ્સર હોય, તળીયામાં ન્યુરોપેથીની શરૂઆત હોય, કપાસીયા, ઘૂંટણમાં - કમરમાં દર્દ, ચીરા, ફ્લાટ ફુટ ઈત્યાદિ માટે એમ.સી.પી સોફ્ટ ફુટવેઅર મળશે જૈન ચામડા વગરનો બ્લેક, બ્રાઉન તથા સાધુ સંતો માટે સફેદ સ્લીપર, ચપ્પલ, સેન્ડલ, બૂટ મળશે. વ્યાપારી પૂછપરછ આવકાર્ય. વ્યક્તિગત ઓર્ડર કુરીઅરથી મોકલવામાં આવે છે. ફીઝીયોથેરેપી ટ્રિટમેન્ટ અમારા ક્લિનીક મા નિયમીત મળે છે. હાઉસ વિઝીટ ફેસીલીટી અવઇલેબલ છે. એડમીશન ચાલુ છે. ટેન્થ પાસ અને ઈન્ટરફેલ માટે ૨ વર્ષનો કોર્સ ઉપલબ્ધ. વિદ્યાર્થીઓ માટે સ્કૂલ યુનિફોમ શુઝ ના ઈન્સોલ મળશે.

**DR. PRASHANT SHAH**

Prashant College Building, Opp. Kumar Cinema Theatre, Kachiguda, Hyderabad-27.
Ph : 093910 17833, 093999 53035. www.drprashantshah.com

(જા.ખ.)

# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એડેડ
# કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.

૧૦૧, એસ.વી. ફોરચ્યુન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન નં. ૬૪૫૫૬૫૬૩, ૨૪૭૫૨૧૮૫
(Regd. No. AMC/Hyd/(4)/96/13) Website:www.komacs.org, email : info@komacs.org, komacs@yahoo.co.in

## સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા

રવિવાર તા. ૧૫-૦૭-૨૦૧૨,
સ્થળ : શ્રી કચ્છી ભવન,
સમય : સવારના ૧૦ કલાકે

## વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં સોસાયટીની પ્રગતિની એક ઝલક

| | | |
|---|---|---|
| શેર મૂડી | : | રૂા. ૧૫૭.૨૪ લાખ |
| રિઝર્વસ | : | રૂા. ૨૧૬.૫૮ લાખ |
| શેરની બુક કિમંત | : | રૂા. ૨૩૭.૭૪ લાખ |
| થાપણો | : | રૂા. ૧૬૦૩.૭૭ લાખ |
| ધિરાણ | : | રૂા. ૧૮૫૨.૪૫ લાખ |
| ચોકખી આવક | : | રૂા. ૪૨.૩૫ લાખ |
| શેર ડિવિડંડ | : | ૧૮ % (પ્રસ્તાવિત) |

**આપણી આ સોસયટીના સુંદર સંચાલનની સદ્ધરતાને આપણે સૌ સાથે મળીને વધુને વધુ સદ્ધર બનાવીએ.**

**શ્રી સંજય ગાલા**
ચેયરમેન

**શ્રી તારાચંદ ધરોડ**
ડેપ્યુટી ચેયરમેન

**શ્રી ખુશાલ ગાલા**
મેનેજીંગ ડાયરેક્ટર

**શ્રી અરવિંદ છેડા**
ડાયરેક્ટર - વહીવટ

**શ્રી વસંત વોરા**
ડાયરેક્ટર - વિત્ત

(જા.ખ.)

## સંસ્થા અને સમાજ તરફની ફરજ

- દિનેશ કલ્યાણજી ગોસર

આપણને સૌને એ વાતનો આનંદ છે કે કચ્છી સમાજ ઘણોજ જાગૃત છે અને આપણને વારસામાં મળેલ અમૂલ્ય સંસ્થાઓનુ રક્ષણ કરવા સક્ષમ છીએ. જરૂર છે ફક્ત થોડી જાગૃતિની, સંસ્થાઓની થોડી વિસ્તૃત માહિતિ મેળવવાની. કચ્છી સંસ્થાઓને ફક્ત આર્થિક નહિ, પણ પોતાનો થોડો સમય આપી એને વિકાસ માટે વધારે વિસ્તાર પણ આપી શકીએ. એમાં ચાલતી પ્રવૃત્તિઓમાં મદદરૂપ થઈ શકીએ, પણ અફસોસ એ વાતનો છે કે આજની તેજ જિંદગીમાં આપણી પ્રાયોરીટી બદલાઈ ગઈ છે. ટી.વી. સિરિયલ્સ, ફેસ બુક, કીટી પાર્ટીઓ, મોબાઈલ એપ્લીકેશન્સ માં આપણા કિંમતી સમયની કિંમત કોડીની થઇ ગયી છે. નક્કર સત્ય તો એ છે કે "તમે કોઈકને તમારો સમય આપો છો એ જીવનની સર્વશ્રેષ્ઠ ભેટ છે કારણ જીવનની એ અમુલ્ય પળો જે તમે ભેટ આપી રહ્યા છો એ જીંદગીમાં તમને ક્યારેય પણ પાછી નથી મળવાની". આજે આપણી પાસે આપણા પરિવાર, સ્નેહીઓ, મિત્રો માટે સમય નથી, કુદરતે આપેલ સૌંદર્યને માણવાનો સમય નથી તો આપણી સંસ્થાઓ તો દૂરની વાત છે.

આજે આપણે બધા આપણી પોતીકી સંસ્થા શ્રી કચ્છી મિત્ર મંડળ ને જાણીએ છીએ. આ સંસ્થા વર્ષોથી આપણા સમાજના ઉત્થાન માટે કાર્યરત છે. આ સંસ્થાના બીજ રોપાયા ત્યારથી વટવૃક્ષ બનવા સુધી ના ઉછેરમાં દૂરંદશી ધરાવતા ઉદાર વડીલોએ પાયાના પત્થર બની યોગદાન આપ્યું છે અને આપી રહ્યા છે. અને એટલેજ કચ્છી સમાજને આ સંસ્થા માટે ગર્વ છે અને આપણો સમાજ આ સંસ્થા દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો બહોળો લાભ લઈ રહ્યો છે.

ધાર્યા પ્રમાણે કચ્છી સમાજના સભ્યો પરિવારોની અંદાજિત વસ્તી ૩ હજાર થી ઉપર હશે. આપણી ફરજ છે કે જ્યારે જરૂરત પડે ત્યારે તન-મન-ધન થી આપણી સંસ્થાને પડખે ઉભા રહી જવું જોઈએ. સારા કાર્યકરોને સપોર્ટ આપી દરેક કાર્યોને ઉમદા રીતે ચલાવવામાં મદદ કરવી જોઈએ. સંસ્થાની ચૂંટણી વખતે આપણા પવિત્ર મતાધિકાર નો ઉપયોગ કરી યોગ્ય પ્રતિભાશાળી અને સેવા ભાવી સભ્યોને ચૂંટી સંસ્થાની ગરિમા વધારી સમાજને સમૃદ્ધ બનાવવું જોઈએ.

આજે આ સંસ્થા ખૂબજ સારી રીતે ચાલી રહી છે. આજે પણ જે પોતાનો સમય આપી સમાજની પ્રગતિ માટે રાત-દિવસ કાર્યશીલ છે એ પ્રશંસનીય છે. અને તેની નોંધ લેવી જોઈએ. યુવા વર્ગમાં હજી પણ થોડી જાગૃતિ ઓછી છે એમણે આગળ આવી ભવિષ્યની ધુરા સંભાળવા અનુભવ લેવો જોઈએ. શું વડીલોએ વાવેલા વૃક્ષોના ફળ ખાવાનો અધિકાર આપણો છે, તો શું એ વૃક્ષોનું જતન કરવાનો, એને ખાતર, પાણી આપવાનો સાથે કીટ (જંતુ) ન લાગે એ જોવાની આપણી ફરજ નથી ? સમાજ ની સંસ્થા પ્રત્યેની ઉદાસીનતા સંસ્થાના વિકાસ માટે યોગ્ય વાતાવરણ પુરૂં પાડશે ? આપણી ઉદાસીનતા થી સન્માનીય સંસ્થાની ગાડી પાટાથી ખડી ન પડે એ માટે ખૂબજ સતર્ક રહેવું જરૂરી છે.

સમય આવી ગયો છે જ્યારે આપણે ફક્ત સ્વ નું વિચારી સ્વાર્થી બનવાને બદલે સમાજના સર્વાંગી વિકાસનો વિચાર કરીએ. વડીલોએ પણ યુવાઓની સમર્પિતતાને અને ઉત્તમ કાર્યશૈલી ને વખતો વખત બિરદાવી એમને પ્રોત્સાહિત કરવા જોઈએ. સામાજીક કાર્યકરના વખાણ જાહેરમાં કરો, તેની ભુલો ખાનગીમાં કાઢો. માર્ગદર્શક બનો, પ્રશંસા કરવામાં લોભ ન કરો.

# શ્રધ્ધાંજલી



## શ્રી મણીલાલ ભાણજી સાવલા

૨૯-૦૬-૨૦૦૭

*"હૈયે હતી વાત્સલ્યની ધારા, તમે હતા પરિવારના આધાર*
*વિત્યા દિવસો, વિતશે વરસો, વિતશે કાળ*
*અમારા હૈયાના કણ કણ માં છો સદા સજીવન આપ"*

**" તમારી છત્ર છાયાનો છાંયડો અમારાથી ભુલાતો નથી"**

તમારી છાયામાં પરિવારજનો કિલ્લોલ કરતા હતા. જીવનની પ્રત્યેક ક્ષણ તમે જીવંત બનાવી જીવન સામે તમે ઝુકયા નહીં, પણ ઝઝુમ્યા એ તમારો જીવન મંત્ર હતો, તમારી તસ્વીર તમારી હયાતીનો અનુભવ કરાવે છે, તમે પ્રેમ અને સ્નેહનું ઝરણું બનીને અમને ભીંજવી ગયા અને અમને ભીંજવી રહ્યા છો, તમારી સ્મૃતિનો સથવારો, ઉત્તમ કુટુમ્બ, વાસ્તલ્ય ભાવના પ્રેમ અને સ્નેહ સહાય ને માટે અમને યાદગાર રહેશે.

માતુશ્રી : **ગંગાબેન મણીલાલ સાવલા**

**ઉર્વી હેમંત સાવલા, મૈત્રી હેમંત સાવલા, સાગર હેમંત સાવલા,**

**કિંજલ રાજ નાવેંધર, દક્ષા દિનેશ ગાલા**

**માતુશ્રી સુંદરબેન ખીમજી સાવલા પરિવાર**

(જી.મ.)

# શ્રધ્ધાંજલી



## હેમંત મણીલાલ સાવલા

૨-૪-૧૯૬૩ ૦૨-૦૬-૨૦૦૮

**'જીવનની વસંતમાં વિના પાનખર,**
**પાંદડું ખરી પડ્યું, નહોતું એ પીળુ પડ્યું નહોતું કોઇને નડ્યું,**
**તોય અમારા લીલા છમ બાગનું એ પાંદડુ ખરી પડ્યુ'**

હસીને હસાવનાર અમોને રડાવી ગયો, હમણાં જ આવું છુ કહીને હમેશાં માટે પલકો ઢાળી ગયો, તારી ઘણી જરૂર હતી, પણ મળ્યા વિના છેતરીને અનંત માટે ચાલ્યો ગયો. જીવન એવું જીવી ગયો કે મૃત્યુ અમર થઇ ગયું. આંખો હજુ નિહાળે છે તને, અંતર હજુ પોકારે છે તને, સ્મરણ હજુ થાય અમને તારૂં, આજે પણ અમારી જીંદગીમાં એટલો જ સામેલ છે તું, તારી અણધારી વિદાય છતાં તું અમારી વચ્ચે મોજુદ છે. તારી સાથે વિતાવેલ હરપળ યાદમાં અશ્રુ છલકાવે છે.

પ્રભુ તારા પવિત્ર આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

માતુશ્રી : **ગંગાબેન મણીલાલ સાવલા**

ધર્મપત્ની : **ઉર્વી હેમંત સાવલા**

**મૈત્રી હેમંત સાવલા, સાગર હેમંત સાવલા,**

**કિંજલ રાજ નાવેંધર, દક્ષા દિનેશ ગાલા**

(જી. જ.)

માતુશ્રી : **સુંદરબેન ખીમજી સાવલા પરિવાર**


Admission Open
SHRI KUTCHCHI MITRA MANDAL
Sanchalit Shantaben Hirji Kanji Gosar Amrat-Kavita Kapadia Bhavan
Shanti PRIMARY SCHOOL
POSITIVE THOUGHTS ARE WINGS OF SUCCESS
Govt. Recognised
RC No. 1947/AF/ETR2011
H.No. 3-4-1013/5, Rajendra Nagar Colony, Lane Opp. to Kachiguda, Railway Station, Barkatpura, Hyderabad - 500 027.
Phone : 040-27566477
E-mail : kmmshkg.shantiprimary@gmail.com
CENTRALLY LOCATED CO-ED ENGLISH MEDIUM
NURSERY TO V STANDARD
LIMITED STUDENTS PER CLASS
INDIVIDUAL ATTENTION FOR EACH CHILD BY TRAINED TEACHERS
For Admission contact school office at Above Address between 10 a.m. to 1 p.m. on weekdays
President
Dhanji Lakhamsi Sawla
Secretary
Amritlal Bhanji Nisar
Correspondent
Vipul Harilal Nisar

# વિવિધા

## आरजू

हमने आपसे कुछ मांगा, कोई बात नहीं आपने हमें कुछ न दिया. मगर जो दिया था, उसे तो हमारे पास रहने दो । खुदाके लिये भी उसे हमसे छीनकर मत ले जाओ. आपसे ईतनी ही हमारी आरजू है ।

आया था मै तेरे जीवन द्वार पर,
कोई खुशीयोंका उपहार ले कर
मगर मेरा आना, तुम्हारे लीये गम का तोहफा है ।
यह जानकर मैं लौटा जा रहा हूँ,
तुम्हारे आंगन से ही....
किस वजह तुम्हारी हमारी पहचान हुई थी,
हम कौन है ? यह हमने जान लिया था एक दूसरे से
यह पहचान यहीं पर रुकी हुई थी
मुझे लगा हम एक दूसरे की राह देख रहे है ।
कौन पहले आगे बढता है
तब तक हम सीर्फ मुसकुराते थे ।
एक दूसरे को मीलकर हर गली के मोड पर
हमारा ऐसा मीलना जुलना कब तक रहेगा
यह सोचकर साहस बटोरकर
पहचान के और नीकट आने कदम आगे बढाया
आहट पाकर मेरी तूम चौक गयी हो,
शांयद तुम्हे यह हरकत पसंद न आयी हो
तुम्हे हम जहाँ है वहीं बद्ध रहना पसंद हो
और इस लीये शायद यह कडी सजा देने का सोचा है
हर गली के मोड पर तूम अपना मुंह फेर लेती हो ।
तुम्हारे लिए यह गुस्ताखी सहजता होगी
मगर तूम्हें क्या पता यह हरकत
हमारे दिलको कैसे जला देती है ।
हम तडप उठते ईस बेखुदी पर
तुम्हारे नीकट आने का मेरा कोई अधिकार नहीं
यह जानकर मैं पिछे की और लौटा जा रहा हुं
मगर जाते-जाते ईतना ही कहता हूँ
ये बेदर्दी सजा अब न देना मुझे, मेरे दिल के रहम के लीए
एक बार मुस्करा देना
मीलुं जीस भी गली के मोड पे
"आरजू" है मेरी ईतनी सी.....

**હંસકુમાર રાયચંદ સાયલા**

## હાસ્ય એક અકસીર દવા

મારા એક બચપણના મિત્ર હતા, નર્સરીથી સાથે ભણેલા. તેમના મુખ ઉપર હમેશા એક હલકું સ્મિત હોય. અનુકુળ પ્રસંગ હોય ત્યારે મુક્ત પણે ખડખડાર હસવામાં જરાય સંકોચ ન રહેતો. એમને ૭૫ થયા પણ કોઈ દવા લેવાની જરૂરત નથી પડી.

હસવાના ઘણા ફાયદા છે. ખડખડાર હસવાથી મુખની માંસપેશીઓની કસરત થાય છે, મુખ પર પડતી કરચલીઓ દુર થાય છે, શરીરમાં લોહીનું ભ્રમણ સારું રહે છે, તેમજ ખુશ રહેવાથી મગજની ગ્રંથીઓ શાંત રહે છે અને હૃદય સ્વસ્થ રહે છે. તે ઉપરાંત, હસવાથી શરીરની પ્રતિકાર શક્તિ વધે છે, શરીરનો દુખાવો દુર થાય છે. ખુશ રહેતી વ્યક્તિની હાજરીથી, આનંદિત માહોલ સરજાઈ જાય છે, મિત્રતા વધે છે કેમ કે સૌને ખુશખુશાલ વાતાવરણ ગમે છે.

એટલેજ, આજે ઘણા ખરા ગાર્ડનમાં લાફ્ટર ક્લબો સવારના ચાલે છે જેથી ઉપર જણાવેલ ફાયદા તો થાય છે, સાથે સાથે શરિરના અવયવોની તથા સ્વર ગ્રંથીની પણ કસરત થઈ જાય છે.

**માટે, હસો અને ખુશ રહો....**

**રમેશ એમ શાહ**

શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા ની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૪૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

રવિવાર ૩ જુન ૨૦૧૨ ના આયોજિત યાત્રા **શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સીટી)** ના સંયુક્ત તત્વધાન આયોજિત થયેલ, ત્રણ બસો દ્વારા લગભગ ૧૬૦ યાત્રાળુએ યાત્રાનો લાભ લીધેલ તીર્થ ક્ષેત્રે બિરાજીત **પ.પૂ. સાધ્વીશ્રી સમય ગુણાશ્રીજી** મ.સા. તથા **પ.પૂ. સાધ્વીશ્રી શ્રુત ગુણાશ્રીજી** મ.સા. ને સફળ શ્રી સંઘ સાથે વંદન તથા અગામી વર્ષ ૨૦૬૮ ના ચાતુર્માસ આરાધનાની જય બોલાવવામાં આવેલ તીર્થ ક્ષેત્રે આવા બહોળા સંઘ સાથે જય બોલાવવાનાં કાર્યક્રમથી પૂજ્યશ્રી ઘણાજ પ્રભાવિત થયા તથા શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘની ભુરી-ભુરી અનુમોદના કરેલ. રવિવાર તારીખ ૧૦-જૂન-૨૦૧૨ ના બે બસો દ્વારા નવગ્રહ મંદિરે દર્શનનું કાર્યક્રમ રાખવામાં આવેલ તથા ત્યાં ભવ્ય ઊવસ્સગહરમનો પાઠ રાખવામાં આવેલ.

**"VISION 12-12-12"** હેઠળ આયોજિત શ્રી સમ્મેતશીખરજી મહાતીર્થ યાત્રાનો કાર્યક્રમ નક્કી થઈ ગયેલ છે. શનિવાર તા. ૮ ડિસેમ્બર ૨૦૧૨ સવારના ૧૦.૦૦ વાગે સિકંદરાબાદ સ્ટેશન થી પ્રસ્થાન કરી બનારસ, શ્રી શિખરજી, રૂજવલ્લીકા, લચ્છવાડ, ગુણીયાજી, રાજગીરી, કુંડલપુર, નાલંદા, પાવાપુરી આદિ તીર્થોના દર્શન સેવાપૂજા કરી મંગલવાર તા. ૧૮ ડિસેમ્બર ૨૦૧૨ ના રાત્રે ૯.૩૦ વાગે સિકંદરાબાદ સ્ટેશને પાછા આવશુ. નકરો વ્યક્તિ દિઠ રૂ. ૬૫૦૦/- રાખેલ છે. યાત્રામા જોડાવવા ઈચ્છુક યાત્રી કે પોતાનું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર, ઉમર આદિ વિગત સાથે "Shri Kulpakji Teerth Yatri Sangh" ના નામે ચેક અથવા ડ્રાફ્ટ રૂા. ૬૫૦૦/- તા. ૩૦ જુન ૨૦૧૨ ની પહેલા પહોચી જાય માટે ઘટતુ કરી પોતાના નામો નોંધાવી શકે છે. વધુ વિગત માટે સંચાલક ને શ્રી સંઘના ઓફીસે સંપર્ક કરવો.

શ્રી સંઘને નિચે મુજબ અનુદાન પ્રાપ્ત થયા છે. શ્રી સંઘની વિવિધ યોજનાઆનું લાભ લઈ પુણ્યાર્જન કરવા અપીલ છે.

૧) ૩ જુન ૨૦૧૨ ના આયોજીત શ્રી કુલપાકજી તીર્થ યાત્રાની એક વધારની બસના સંઘપતિનુ લાભ એક સદ્‌ગૃહસ્થે લીધેલ છે રૂ. ૫૧૦૦/-
૨) યાત્રીક ભાતા યોજના (મે ૨૦૧૨) શ્રી કીરીટભાઈ તેજાની રૂ ૧૫૦૦/-
૩) યાત્રીક ભાતા યોજના માતુશ્રી કેસરબેન ધારશી સાવલા હસ્તે શ્રી દેવરાજ ધારશી સાવલા (જુન ૨૦૧૨ ત્રણ બસના) રૂ. ૩૦૦૦/-
૪) ગરીબ ભોજન માટે શ્રી લીલાધરભાઈ હિરજી કારાણી કચ્છ ગામ સાભરાઈ હાલ વિક્રોલી (મુંબઈ)
૫) મંદિરજીના અનુદાન માટે શ્રીમતિ સુશીલાબાઇ તથા ભજન મંડલ રૂ. ૨૬૦૧/-

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*
**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા, ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**
**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(જી.પ્ર.)




## બા ! તું હતી તો

જ્યારે હું જન્મ્યો, મારી સંભાળ લેનાર કોઈ સ્ત્રી હતી. - **માં**

જેમ હું મોટો થયો, મારી સાથે રમનાર, હસનાર, ધીંગા-મસ્તી કરનાર, નાની નાની વાતોની કાળજી કરનાર, કોઈ સ્ત્રી હતી. - **બહેન**

જ્યારે હું શાળાએ ગયો, બાલ મંદિરમાં મારો હાથ પકડીને એકડો ઘુંટાવનાર કોઈ સ્ત્રી હતી. - **શિક્ષક**

જ્યારે જીવનમાં એકલા પણું સાલવા લાગ્યું, મારે પણ કોઈ જીવનસાથી હોય તો ??

જે મને પ્રેમ કરે અને મારા જીવનમાં ખુશીના રંગો પૂરે એવું લાગવા લાગ્યું ત્યારે પણ તે રંગ પૂરનાર કોઈ સ્ત્રી હતી. - **પત્ની**

જ્યારે ધંધા, નોકરીનાં ટેન્શનથી ગુસ્સે થઈ જતો ત્યારે મને શાંત કરી દિલાસો આપનાર કોઈ સ્ત્રી હતી- **પુત્રી**

જ્યારે મારું મૃત્યુ થશે, ત્યારે પણ મને તેના ઉદરમાં સમાવનાર કોઈ સ્ત્રી હશે. - **માં ભોમ, માતૃભૂમિ**

દુનિયાનો સૌથી ખરાબ વ્યક્તિ પણ જો આટલું વિચારશે,

તો તેના દિલમાં પણ સાતમે પડદે એક વાર તો સ્ત્રી તરફ આદરભાવ નિર્માણ થશે જ.

જો તમે પુરુષ હો તો દરેક સ્ત્રીને આદર અને સન્માન આપજો.

જો તમે સ્ત્રી હો તો તમે તમારી જાતનુ ગૌરવ કરજો.

**પંકજ વી. સાવલા**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિનું ગૌરવ

## વ્હાલી દીકરીને લાખ લાખ અભિનંદન



# ભાવિની જીતેન્દ્ર મૈશેરી

## બાંઢીયા, મહબુબનગર

**98.60 % MPC Inter 2nd year**

જિલ્લામાં પ્રથમ નંબર - રાજ્યમાં નવમોં નંબર

અમારી લાડલી ચિ. ભાવિની ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૧૦૦૦માંથી ૯૮૬ માર્ક મેળવી જિલ્લામાં પહેલો નંબર અને રાજ્યમાં ૯ મો નંબર અને હૈદરાબાદમાં અવ્વલ આવેલ છે. મહબુબનગર જિલ્લાના ૩૦ વર્ષના ઇતિહાસમાં આવા માર્ક મેળવી જવલંત સિદ્ધી પ્રાપ્ત કરેલ છે. ભવિષ્યમાં પણ આવા જ શિખરો સરકરી કુટુંબનુ તથા જ્ઞાતિનું નામ રોશન કરે એવી શુભેચ્છા સહ ખૂબ ખૂબ હાર્દિક આશીર્વાદ...

શુભાશીષ :

રાજબાઇ લક્ષ્મીચંદ મૈશેરી (દાદા-દાદી)

વિપુલા જીતેન્દ્ર મૈશેરી (માતા-પિતા)

ધારિણી, સંદીપ, મીત (ભાઇ-બહેન)

મણીબેન નવીનચંદ પીર, સુથરી -અંજાર (નાના-નાની)

એવં સમસ્ત મૈશેરી પરિવાર તથા લોડાયા પરિવાર

અને સર્વે સગાં સ્નેહીઓ, મિત્રગણના હાર્દિક અભિનંદન

(જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

# MARVEL
## BEAUTY PARLOUR

9247304982

We specializes in Bridal Make-up, Hairstyle & Mehendi, Skin, Anti Dandruff & Hair Treatment.

**We conduct classes for MEHANDI & BEAUTY COURSE**

- Non Surgical Face Lifting
- Under Eye Dark Circle Treatment
- Skin Polishing Treatment
- Anti Dandruff Treatment
  - Radiance Glow
  - Lighting Facial
  - Temporary & Permanent & Hair Straightening



**"BEAUTY PACKAGE" for just Rs.350/-**
Bleaching, Herbal Facial, Waxing, & Eyebrow
**Rs.500/- :** Bleaching Fruit Facial, Waxing, Pedicure, Manicure & Eyebrow.

SPECIAL OFFER FOR YOU

SPECIAL OFFER FOR BRIDAL PACKAGE

Contact in Person : **PRAGNA H.SHAH**
# G-4, Lakshmi Narayan Apartments,
Beside Mahalakshmi Dairy, Kutbiguda,
Kachiguda, Hyderabad - 27.

(જા.ખ.)

# LAVYAAS

For Health Wealth & Happiness....

## Free Body Analysis

## Say Yes ! To Good Health

Get your Body Fat Checkup & Your Health Report within 2 minutes

RESHAPE YOUR SHAPE 100 % EFFECTIVE NATURAL & SAFE !!!
LOSE / GAIN / MAINTAIN YOUR WEIGHT FROM HOME !!!
HAVE MORE ENERGY ! ENJOY HEALTHY BREAKFAST !!!
SAFELY, SCIENTIFICALLY AND EASILY. WITHOUT EXERCISE OR DIETING.
LOOK GOOD FEEL GOOD AND ENERGETIC. LOSE IN KILOS & INCHES !!!

**KNOW YOUR**

1. Height & Weight
2. Body Fat %
3. Visceral Fat
4. BMI
5. BMR
6. Body Age
7. Muscle Mass
8. Sub-cutaneous fat
9. Nutrition Advice

**Specialist**

WEIGHT MANAGEMENT, LOSE / GAIN & MAINTAIN WEIGHT & HEALTHY BREAK FAST,
NUTRITION FOOD SUPPLEMENTS, HAIR & SKIN CARE, NUTRITION FOR CHILDREN, OLD AGE & SPORTS NUTRITION.

One Call Can Change Yours N Your Family Life...

**9246520007 / 9642520007**

MARUTI TOWERS, 5th Floor, Pent House, Above S.B.I,
Opp. Hotel Tourist Plaza, Kachiguda,Hyderabad - 27.

(જા.ખ.)

**શ્રી સીમંધર સ્વામી** દાદા ભગવાનના અસિમ જય જયકાર હો... **શ્રી દાદા ભગવાન**



# પ્રત્યેક ધર્મે પ્રરૂપ્યું પ્રતિક્રમણ
# સર્વોત્તમ વ્યવહાર ધર્મ



જૈન ધર્મનું ઊંચામાં ઊંચુ ગૂઢ તત્વ હોય તો આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન, એ મોટામાં મોટું છે /જો કે બીજા લોકોના ધર્મમાં છે, પણ તે કેવું ? બાધે ભારે ક્ષમા માંગવામાં આવે છે. એવું દરેક ધર્મમાં છે, પણ તે કેવું ? મુસ્લિમ ધર્મમાં છે, ક્રિશ્ચિયન ધર્મમાં છે, ક્ષમા માંગવાનો રીવાજ તો બધેથી ચાલ્યો આવ્યો છે, પણ જે વીતરાગોએ બતાવ્યો છે આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન એટલે ગુરુની હાજરી થકી આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન એ બહુ સાયંટિફિક-વૈજ્ઞાનિક વસ્તુ છે. તરત ફળ આપનારી છે.

પેલામાં ક્ષમા માંગવાથી તો પાપ ઓછાં થાય એટલું જ અને આ પ્રતિક્રમણથી તો પાપ ખલાસ થઇ જાય.

ભગવાને કહ્યું છે કે, આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન એ સિવાય વ્યવહાર ધર્મ જ બીજો નથી. પણ તે કેશ હોય તે, ઉધાર નહીં ચાલે. ગાળ કોઇને આપીએ, આ હમણે થયું તે લક્ષમાં રાખ, કોની જોડે શું થયું તે ? અને પછી આલોચના કરી, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કેશ કર. એને ભગવાને વ્યવહાર-નિશ્ચય બેઉ કહ્યું. પણ એ થાય કોને ? સમકિત થયા પછી, ત્યાં સુધી કરવું હોય તોયે ના થાય. તે સમકિત થતુંયે નથી ને ! છતાંય કોઇ આલોચના - પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન આપણે ત્યાં શીખી જાય તોયે કામ કાઢી નાંખે. ભલે નોંધારુ શીખી જાય તોયે વાંધો નથી. એને સમકિત સામું આવીને ઊભું રહેશે !!!

જેનાં આલોચના - પ્રતિક્રમણ સાચાં હોય તેને આત્મા પ્રાપ્ત થયાં વગર રહે જ નહીં.

મુમુક્ષુ : કંઇ પણ પોતાનાથી પાપ થઇ જાય, ત્યારે પછી એને પ્રાયશ્ચિત માટે વ્રત કે એવું કંઇક કરે, ત્યારે પછી આત્માનું શુદ્ધિકરણ થઇ જાય, તો એવો ઉપાય આપો.

દાદાશ્રી : એ બધું અમે અહીં જોડે જોડે આપીએ છીએ. બધી દવા આપું છું. તમામ પ્રકારની દવા, એનું આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન બધા જ પ્રકારનું !

આલોચના હંમેશ પ્રતિક્રમણ સહિત જ હોય. અને પ્રતિક્રમણ એ તો મોટામાં મોટું હથિયાર છે. એટલે પ્રતિક્રમણનો ધર્મ જો પકડી લીધો તો તારે માથે ગુરૂ નહીં હોય તોય ચાલશે. એટલે દાદા પાસે આટલું શીખ્યા તો બહુ થઇ ગયું. આમાં બધું આવી ગયું.

દરરોજ નિહાળો ટી.વી. ઉપર (ડી.ડી ગિરનાર ગુજરાતીમાં)

૧) સવારનાં ૭ થી ૭.૩૦

૨) બપોરનાં ૩.૩૦ થી ૪.૦૦

૩) રાત્રે ૯.૦૦ થી ૯.૩૦

સંપર્ક - ૯૯૮૯૮ ७७७८૬

## શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ (ગુજરાતી મહારાજ)

**શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, પિતૃદોષ, મેળાપક, જન્માક્ષર, કુંડલી તથા દરેક પ્રકારની**

**ધાર્મિક પૂજા વિધી માટે સંપર્કઃ**

**C/o. G.K.P. Shreevastav, # 4-5-662, First Floor,**
**Opp. St. Pauls School, Kutbiguda, Hyderabad - 27**
**Mobile : 99895 11627, 99895 11627, 90007 89770**

(જા.ખ.)

**શુદ્ધ અને સાત્વિક જૈન ટિફીન**

ગુજરાતી / કચ્છી જૈન જરૂરતમંદો માટે શુદ્ધ અને સાત્વિક જૈન ટિફીન ઘર પહોંચ મળશે. રોટલી, બે શાક, દાળ, ભાત, ક્ચુંબર, પાપડ... વગેરે ઘરનું ગરમ ટિફીન માટે સંપર્ક.

**શ્રીમતિ હર્ષા ગાલા**, શારદા એપાર્ટમેન્ટ સામે, ડૉ. ભુમન્ના લેન,
કાચીગુડા, હૈદરાબાદ - ૨૭ ફોન : ૦૯૧૩૩૩ ૬૭૩૫૦

(જા.ખ.)



***દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :***

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

**DEEPAK MAVJI DHAROD**    **Cell : 98490 53458**

## BHAVANA TOURS & TRAVELS

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**
**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

*શ્રી કનકેશ્વરી કૃપા*

**લક્ષ્મી પુજન, ચોપડા પુજન, શારદાપુજન, સત્યનારાયણ કથા, હવન, પીતૃકાર્ય, શાંતિ હવન, જન્માક્ષર પરથી, માર્ગદર્શન આપનાર સર્વ પૂજા કાર્ય કરનાર**

સંપર્ક : પુજારી નરેશકુમાર ભટ્ટ (ખંભાતવાળા)

**સેલ : ૯૨૯૧૪ ૫૩૧૨૪, ૮૮૯૭૬ ૬૪૦૨૫**

(જા.ખ.)

*Jai Mahaveer*

*Rain Rain Come again*

*but if the rain drains what will happen ?*

***Seepage, Leakage in the Toilets, Bathrooms, dampness around four walls - cracks openup on the Terrace and parapet walls. Water comes in through window panes etc.,***

*So we are here to solve your problems contact :*

# NAMAN

# Construction Solutions

***We precisely do our water proofing job with utmost care and precision without breaking, damaging or removal of your existing structure based on Nano Technology.***

*This concept has been approved by*
*B.H.E.L. & M.E.S. (Military Engineering Services)*

---

One among our esteemed customers are
**M/s. Leo Packers and Movers,** Balanagar, Hyderabad

---

Please call on us :
**VARDHAMAN D. SHAH**
B/1, Suryanarayana Apts., Opp. Gujrati Pragati Samaj Function Hall,
Lingampally, Kachiguda, Hyderabad - 500 027 (A.P.)
Ph : 98853 41835, 040-6457 4501
E-mail : naman.construction.solutions@gmail.com

(જી.પ.)

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪ લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !! ફોન : ૨૪૭૫૫૩૩૧ ૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર

(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૧૦) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગના નવા ક્લાસ દર સોમવારથી શરૂ થાય છે.

**અદભૂત – અકસીર–અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

**આરોગ્યામૃતમ્**
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ–લીવર–કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

**સૌદર્યામૃતમ્**
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ–સુંદર બનાવવા માટે...

**ઉદરામૃતમ્**
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

**દંતામૃતમ્**
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

**કેશામૃતમ્**
સુંદર–લાંબા, દઢ–કાળા વાળો માટે તથા ખોડા–સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

**અમૃત તૈલમ્**
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

**ચ્યવન પ્રાશાવલેહ**
શરીર–મનની શક્તિ, ચહેરાની રોનક, ક્રાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

**મનસામૃતમ્**
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

**શ્વાસનામૃતમ્**
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

નિર્માતા : **બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ – પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ–આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) – ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.
સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦
દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે. (જા.ખ. F-1160)